જનવિકલ્પ મોરચાનાં પ્રવક્તાની કરાઈ ધરપકડ

સ્વાર્થ માટેના રાજકારણમાં જનતાના અવાજને દબાવી રહી છે સરકાર : પાર્થેશ પટેલ

આવનાર વિધાનસભાની ચુંટણીઓ પહેલા જન વિકલ્પ નામનાં મોરચાની શરૂઆત થઈ છે ત્યારે આ નવા વિકલ્પને શરૂઆતમાં

જ દબાવી દેવાનાં પ્રયાસો શરૂ થઈ ગયા છે. ગુજરાતમાં વર્ષોથી ભાજપ અને કોંગ્રેસ બે જ પક્ષોનું શાસન રહ્યું છે તેનું કારણ જાણીને આપ સૌને જરૂરથી નવાઈ થશે. પહેલા કોંગ્રેસ અને ત્યારબાદ ભાજપની સરકારોએ રાજ્યમાં સરકારની વિરૂદ્ધમાં ઉઠેલા અવાજોને દબાવવાનું કામ કર્યું છે. અને વધુ એક વખત ભાજપની સરકાર તેની સામે ઉઠી રહેલા જનતાના અવાજને દબાવવા માટે પેંતરા ઘડી રહી છે. આપ સૌ જાણો છો, ગુજરાતમાં પડેલા ભારે વરસાદને કારણે અમદાવાદ સહિતના શહેરોના રસ્તાઓની હાલત દયનીય બની હતી. રસ્તા પર પડેલા ખાડાઓને કારણે જનતા ખૂબ જ ત્રસ્ત બની હતી અને સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો. જો કે, વરસાદમાં તંત્રએ આ ખાડા પુરવાનું કામ તો ન કર્યું પરંતુ ખાડા પુરવાનું કામ કરનાર લોકોને ખોટા પોલીસ કેસમાં ફસાવવાનું સરકાર ષડયંત્ર રચી રહી છે.

આ વિશે જન વિકલ્પનાં પ્રવકતાએ જણાવ્યુ હતું કે, અમદવાદમાં વરસાદને કારણે પડેલા ખાડા પુરવા માટે અમે કેટલાક યુવાનોએ સાથે મળીને ૯, સપ્ટેમ્બરના રોજ શહેરના મેમનગર વિસ્તારમાં કામ હાથ ધર્યું હતું. ખાડાઓ પુરવાના કામથી અમને જનતાનો પણ સાથ મળી રહ્યો હતો. અને તે સમયે કોઈ પણ પ્રકારે આ કામ સામે તંત્ર દ્વારા વાંધો ઉપાડવામાં આવ્યો ન હતો. જો કે, સરકારની આ કુંભકર્ણ નિંદ્રાને તોડવા માટે અમે જન વિકલ્પના નામે એક મોરચો રચીને જનતાને ગુજરાતમાં યોગ્ય વિકલ્પ આપવા માટે આગળ આવ્યા અને પ્રદેશ પ્રવક્તા તરીકે શ્રી પાર્થેશ પટેલના નામની જાહેરાત કરવામાં આવી. ખાડાઓ પુરવાનું સમગ્ર અભિયાન શ્રી પાર્થેશ પટેલની આગેવાનીમાં હાથ ધરવામાં આવ્યું હતું. પ્રવક્તા તરીકે શ્રી પાર્થેશ પટેલના નામની જાહેરાત થતા જ સરકારની આંખમાં આ ભગીરથ કાર્ય ખૂંચવા લાગ્યું અને ગુજરાતમાંથી સરકારની સામે ઉઠી રહેલા અવાજને દબાવવા સરકારે ફરીથી પોલીસને હાથો બનાવી.

હવે, ગુજરાતમાં પ્રજાની સરકાર બનશે : રાહુલ

ગુજરાતના દિલમાં જે અવાજ છે તે ૨૨ વર્ષથી રાજ્ય સરકાર નથી સાંભળતી, વાજપાયીએ કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીએ વિકાસનું કામ કર્યું છે : કોંગ્રેસ ઉપાધ્યક્ષ ફરી ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે, મોદી પર કર્યા આકરા પ્રહાર

આણંદ,તા.૯

નરેન્દ્ર મોદીને બે દિવસ

સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ભાજપને જીત અપાવવા વિવિધ પ્રકલ્પોના ઉદ્ઘાટન કરીને ગયા છે. ત્યારે આજે રાહુલ ગાંધી ફરીવાર ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવી પહોંચ્યા છે. મહેમદાવાદના ખાત્રજ ખાતેની સભામાં કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ભાજપની રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે રાજ્યની સરકાર ૨૨ વર્ષથી ગુજરાતના દિલની વાત સાંભળતી નથી, કોંગ્રેસની સરકાર આવશે તો એ તમારા મનની વાત સાભળશે. તેમજ મોદીએ કોઈને પણ પૂછ્યા વગર નોટબંધી અને જીએસટી લાગુ કરી દીધી હોવાનું પણ જણાવ્યું હતું. રાહુલ ગાંધીની યાત્રા સંતરામ મંદિર ખાતે પહોંચી હતી, જ્યાં તેમણે ફરી મોદી પર પ્રહાર કરતા કહ્યું હતું કે ગુજરાતમાં બદલાવ આવી રહ્યો છે અને તેના કારણે મોદીના ચહેરા પરથી ચમક પણ ઉતરી ગઈ છે.

વાજપાયીએ કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીએ વિકાસનું કામ કર્યું છે. કોઈપણ હિન્દુસ્તાની હિન્દુસ્તાનના વિકાસ અંગે પ્રશ્ર ઉઠાવે તો તે હિન્દુસ્તાનના કરોડો લોકો પર પ્રશ્ન ઉઠાવી રહ્યો છે. કારણ કે આ દેશને આ દેશની જનતાએ ઉભો કર્યો છે, કોઈ પાર્ટીએ કે વ્યક્તિએ ઉભો કર્યો છે. જ્યારે મોદી કહે છે કે ૭૦ વર્ષમાં કંઈ નથી થયું તો તે કોંગ્રેસ સામે આંગળી નથી ઉઠાવી રહ્યાં તે તમારા માતા-પિતા, દાદા, પરદાદા અને તમારી પર ઉઠાવી રહ્યાં છે, આ દેશ અહીં સુધી પહોંચ્યો છે, તો એ હિન્દુસ્તાનના લોકોએ કર્યું છે. મોદી અને કોંગ્રેસ પાર્ટીમાં આટલો તફાવત છે. અમે દરેક હિન્દુસ્તાનીનો આદર કરીએ છીએ, અમે ક્યારેય નહીં કહીએ કે ૭૦ વર્ષમાં દેશમાં કંઈ નથી થયું, કારણ કે આમ કહેવું એ હિન્દુસ્તાનની જનતા પર પ્રશ્ન ઉઠાવવા જેવો છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, ગુજરાતમાં બદલાવ આવે છે, મોદીના ચહેરા પરથી ચમક ઉતરી ગઈ છે. ક્યારેક મોદી વિકાસની વાત કરી રહ્યાં છે, તો ક્યારેક યાત્રાઓ કાઢે છે. પહેલા ગૌરવ યાત્રા પછી નર્મદા યાત્રા, આદિવાસી વિકાસ યાત્રા, વિકાસ યાત્રા, યાત્રાઓ જ કાઢી રહ્યાં છે.

ચૂંટણીના દિવસે પોલિંગ બૂથમાં પણ એક વની યાત્રા નિકળશે, ગુજરાતમાં બદલાવ લાવવાની યાત્રા, ગુજરાતનો અવાજ સાંભળવાની યાત્રા, ગુજરાતના લોકો અને કોંગ્રેસ પાર્ટીના કાર્યકર્તાઓ ૨૨ વર્ષથી પાર્ટી સાથે છે એ હું ક્યારેય નહીં ભૂલું. ટિકીટ વખતે કોંગ્રેસ પાર્ટીના કાર્યકર્તાઓનો અવાજ સાંભળવામાં આવશે, ગુજરાતના લોકોની સરકાર બનશે. સરકાર બનશે એ તમારી વાત સાંભળશે.

રાજ્ય સરકાર પર પ્રહાર કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, કોંગ્રેસનું પહેલું કામ જે પણ આવે તેની વાત સાંભળવી, વિકાસનું કોઈપણ કામ કરવાનું હોય, સાંભળ્યા વગર તે કરી શકાય નહીં. રાજ્યમાં ૨૨ વર્ષથી જે સરકાર છે એ ગુજરાતના દિલમાં જે અવાજ છે, ખેડૂત, મજૂર, મહિલા કે નાના વેપારીઓ જે કહેવા માગે છે, તે સાંભળી રહી નથી. હું તમારું દર્દ સમજું છું. રાજ્યમાં કોંગ્રેસની સરકાર આવશે, જે અમારા મનની વાત નહીં પણ તમારા મનની વાત સાંભળશે.

કાંકરેજ તાલુકાના રણાવાડા ગામે સ્વાઈન ફલુનો કેસ નોંધાયો

કાંકરેજ તાલુકાના રણાવાડા (જા) ગામે દવે જયરામભાઈ ઉં.વ. આશરે ૫૫ વર્ષને તાવ શરદી ઉધરસ તથા શરીરમાં કમજોરી જેવા લક્ષણો દેખાતા સારવાર કરાવેલ. પરંતુ શિહોરીમાં રીપોર્ટ સાચો ન આવતા પાટણ રીફર કરાયા બાદ હવે જયરામભાઈને અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પિટલમાં તા. ૭-૧૦-૧૭ના રોજ દાખલ કરાયા હતા. જ્યાં પોઝીટીવ રીપોર્ટ આવતા સારવાર હેઠળ અમદાવાદ છે. પરંતુ સ્વાઈન ફ્લુના પોઝીટીવ રીપોર્ટ આવતાં તેના પરીવાર તથા સંબંધીઓમાં ચીંતાનું મોજુ ફરી વળેલ. આ બાબતે રાણાવાડા (જા)ના અંબારામભાઈ રાવલ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવેલ.

કાંકરેજ તાલુકામાં જમીન ધોવાણ અને પાક નિષ્ફળના ચૂકવણામાં ખેડૂતોને અસંતોષ થતાં આવેદનપત્ર પાઠવ્યા

કાંકરેજ, તા. ૯

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકામાં થયેલ અતિવૃષ્ટિ અને પૂર પ્રકોપથી કરોડો રૂપિયાનુ નુકશાન વેઠનાર કાંકરેજના ખેડૂતોને સરકાર દ્વારા અન્યાય કર્યો હોવાના આક્ષેપો સાથે તા. ૯-૧૦-૨૦૧૭ના રોજ મોટી સંખ્યામાં ખેડૂતો એકઠા થયા હતા અને રાજકિય આગેવાનો તેમજ ખેડૂતોના મતભેદને લઈ વ્હાલા-દવલાની નીતિરૂપે ગરીબ ખેડૂતોને ૧૦ ટકા અને ૨૦ ટકા જેટલુ પાક નિષ્ફળમાં ચૂકવણું કરતાં કાંકરેજના ખેડૂતો રોષે ભરાયા હતા. અને નાયબ મામલતદાર ત્રિવેદી તથા તાલુકા વિકાસ અધિકારી એ.એમ. પટેલને આવેદનપત્રો આપી ન્યાય માટે માંગણી કરી હતી. જેને લઈ ટીડીઓ તથા મામલતદારે ખેડૂતોની માંગ સરકાર સુધી પહોંચાડવા ખાતરી આપી હતી. જો કે ખેડૂતોએ એક ચિમકી ઉચ્ચારી હતી કે જો ૧૧ તારીખ સુધી ખેડૂતોને ૧૦૦ ટકા નુકશાનનું વળતર નહિ ચૂકવાય તો ૧૨ તારીખે પી.એમ.ના કાર્યક્રમમાં કાળા વાવટા ફરકાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. તેવુ સ્પષ્ટ જણાવ્યુ હતુ. આમ કાંકરેજ તાલુકામાં થયેલ અતિવૃષ્ટીમાં થયેલ ખેડૂતોને ઘોર અન્યાય સામે સરકાર સામે બાંયો ચડાવતાં તંત્ર હરકતમાં આવી ગયુ છે. ત્યારે જોવું એ રહ્યું કે તંત્રના અધિકારીઓ દ્વારા વ્હાલા-દવલાની નિતી અપનાવી ગરીબ ખેડૂતોને અન્યાય કર્યો તેમને ન્યાય ક્યારે મળશે તે જોવું રહ્યું.

અમિત શાહના પુત્ર જય દ્વારા ન્યુઝ પોર્ટલ વિરૂધ્ધ ફરિયાદ

નવી દિલ્હીના ધ વાયર નામના ન્યુઝ પોર્ટલમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્ર જય શાહ અને તેની કંપની વિશે લખાયેલા વિવાદીત અને બદનક્ષીભર્યા આર્ટિકલ અંગે જય શાહે આજે અત્રેની મેટ્રોપોલીટન કોર્ટમાં પોર્ટલના રિપોર્ટર રોહિણીસિંહ સહિત સાત આરોપીઓ વિરૂધ્ધ બદનક્ષીની ફરિયાદ દાખલ કરી છે. જેની સુનાવણીમાં કોર્ટે સીઆરપીસીની કલમ-૨૦૨ હેઠળ કોર્ટ ઈન્કવાયરીનો હુકમ કર્યો છે અને કેસની વધુ સુનાવણી તા.૧૧મી ઓક્ટોબરના રોજ મુકરર કરી છે. કોર્ટે એ દિવસે ફરિયાદપક્ષના બે સાહેદોને પણ બોલાવ્યા છે. ત્યારબાદ અદાલત દ્વારા આરોપીપક્ષ વિરૂધ્ધ સમન્સની કાર્યવાહી હાથ ધરાય તેવી શકયતા છે. જય શાહ દ્વારા જેઓની વિરૂધ્ધમાં આ બદનક્ષીની ફરિયાદ દાખલ કરાઈ છે, તેમાં રોહિણીસિંહ ઉપરાંત ન્યુઝ પોર્ટલના ફાઉન્ડીંગ એડિટર સિધ્ધાર્થ વરદરાજન, સિધ્ધાર્થ ભાટિયા, એમ.કે.વેણુ, મેનેજીંગ એડિટર મોનોબીના ગુપ્તા, પબ્લીક એડિટર પામેલા ફિલિપોઝનો સમાવેશ થાય છે. જય શાહે આઈપીસીની કલમ૫૦૦ સાથે વાંચતા ૧૦૯, ૩૪ અને ૧૨૦(બી) હેઠળ આ ફરિયાદ દાખલ કરી છે. ફરિયાદી જય શાહ દ્વારા કરાયેલી અરજીમાં સિનિયર કાઉન્સેલ એસ.વી.રાજુએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, પ્રતિવાદી આરોપીપક્ષે તેમના ન્યુઝ પોર્ટલ પર ફરિયાદી અને તેમની સાથે જોડાયેલા અન્ય મહાનુભાવોની છબી ખરડાય તે પ્રકારે બિલકુલ ખોટી હકીકતો સાથેનો આર્ટિકલ પ્રસિધ્ધ કર્યો છે. એક જ વર્ષમાં કરોડો રૂપિયાના ટર્નઓવર વધી જવાની બાબતે જય શાહની કંપનીઓ અને તેમની કામગીરી સામે ગંભીર પ્રશ્નાર્થ અને શંકા આર્ટિકલમાં ઉઠાવાયા હતા. એટલું જ નહી, પોર્ટલના જવાબદારો દ્વારા ફરિયાદીને મોડી રાત્રે મેઈલ અને ફોન કરી જવાબ માંગવામાં આવે છે અને જો નિયત સમયમાં જવાબ ન અપાય તો લેખ છાપી કાઢવાની ધમકી અપાઈ હતી. એટલું જ નહી, પ્રતિવાદીઓએ મૂળ આર્ટિકલ પબ્લીશ કર્યા બાદ ફરિયાદીએ તેની સામે વાંધો લેતાં અને કાનૂની કાર્યવાહી કરવાની વાત કરતાં પોર્ટલના જવાબદારોએ રાતોરાત લેખ પણ બદલી કાઢયો હતો.

સરળ ઉપચાર

● ૪ પાનાનું ચાલુ...

કઠનાં મૂળમાં રહેલ આલ્કલોઈડઝ અને તેલના કારણે દમશ્વાસના હુમલાનો ગાળો ટૂંકો થઈ જાય છે. બહેડાની છાલ એગલાના રોગનું ખૂબ જ લાભપ્રદ ઔષધ મનાયું છે જયારે ભારંગમૂળ અને સૂંઠનો ઉપયોગ શરદી, ખાંસી અને અસાત્મતા (એલર્જી) ના કારણે થતી ઝરતી શરદીના ઉપદ્રવોને સહેલાઈથી કાબૂમાં લઈ જડમૂલથી મટાડે છે. મુલેઠી - જેઠી મધ એ ગળાનો સોજો, ખોખરો અવાજ, ઉધરસ, શ્વાસનળીનો સોજો તતા તેની ઉત્તેજક સ્થિતિમાં થતાં દાહ-બળતરાને મટાડી ગળામાં સ્નિગ્ધતા અને સુંવાળાશ લાવે છે.

ભાજપમાં હડકંપ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હું પાર્ટીમાં જોડાઇ ત્યારથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ સંગઠનકર્તા તરીકે સંગઠનની કામગીરીમાં મને માર્ગદર્શન મળતું રહ્યું. તેમજ વર્ષ ૨૦૦૨થી ૨૦૧૪ સુધી તેઓશ્રીના મુખ્યમંત્રીકાળ દરમિયાન તેઓની સાથે કામ કરી હું સતત શીખી છું. અતિ મહત્વના શિક્ષણ, મહેસૂલ, માર્ગ અને મકાન, શહેરી વિકાસ, મહિલા બાળ વિકાસ જેવા વિભાગોમાં તેઓની પ્રજાલક્ષી દ્રષ્ટિને કારણે મને વહીવટીમાં સરળીકરણ અને સુધારાઓ કરવાની તેમજ નવી નવી યોજનાઓના અમલીકરણની વિપુલ તકો પ્રાપ્ત થઈ. શ્રી નરેન્દ્રભાઈના વડાપ્રધાન બન્યા પછી પણ દેશને તેમણે ચીંધેલી દિશા મુજબ ગુજરાતમાં પણ અગ્રેસર રહી ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં અમે સફળ રહ્યાં.

અગાઉ મેં મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું ત્યારે ૭૫ વર્ષ પછી પદ કે હોદ્દા પર ન રહેવાની ભાજપની નિતિનો ઉલ્લેખ કર્યો હતો. આજે હું પાર્ટીની એ જ નિતિના આધારે વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી હું લડવા માંગતી નથી. તે ધ્યાને મુકવાની રજા લઉં છું. ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારના જ કોઈ સ્થાનિક સક્રિય કાર્યકર્તાને તક આપવા વિનંતી છે. અનેક વર્ષોથી પાર્ટીનું કામ કરતાં કાર્યકર્તાઓને પણ કોર્પોરેશન, પંચાયતોમાં ચૂંટાવાની, સ્ન્છ કે રૈંથવાની ઈચ્છા હોય તે સ્વભાવિક છે. આગામી ચૂંટણીમાં મને જે જવાબદારી સોંપવામાં આવશે. તે હું પૂરા ખંતથી નિભાવીશ. હું જીવીશ ત્યાં સુધી પાર્ટીના કાર્યકર્તા તરીકે કામ કરતી રહીશ. સૌનો આભાર.

યાત્રાનું સ્વાગત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયાંથી નિયત રૂટમાં યાત્રા સરઢવ રૂપાલથી રાત્રિના ૧૦ કલાકે પેથાપુર આવી પહોંચી હતી. ગૌરવયાત્રાના સ્વાગત પ્રસંગે કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા , નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ધારાસભ્ય અશોક પટેલ,ગુડાના ચેરમેન આશિષ દવે પુર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ તેમજ ચુનાવ સહયોગી શ્રવણસિંહ રાવ સહીતના ભાજપના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ પેથાપુર નગરપાલિકાના પ્રમુખ રણજીતસિંહ હાજર રહયા હતા. પેથાપુરમાં ગૌરવયાત્રાના સ્વાગત બાદ જાહેરસભા યોજાઈ હતી. પેથાપુર ગામમાં છેલ્લા કેટલાક સમયથી વિવાદના કેન્દ્ર સ્થાને રહેલા ડમ્પીંગ સાઈટના મુદ્દે પણ આ નિર્ણયને મોકુફ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. પેથાપુરમાં આમ નાગરિકોના વિરોધ અને આક્રોશના અંતે ડમ્પીંગ સાઈટ ઉભી નહીં કરવામાં આવે તે અંગેની જાહેરાત પણ કરવામાં આવી હતી. કેન્દ્રીય પ્રધાન રૂપાલાજીએ નર્મદાના મુદ્દે સરકારની કામગીરીને બિરદાવતા કોંગ્રેસના રવૈયાની ટીકા કરી હતી. કોંગ્રેસના શાસનકાળમાં રસ્તા પાણી ગટર અને શિક્ષણની કથળેલી હાલત અંગે જણાંવ્યુ હતુ કે વિદ્યાર્થીઓ લીમડા નીચે અભ્યાસ કરતા હતા. જયારે હવે નિશાળાના ઓરડાની પણ કોઈ રજુઆત મળતી નથી. શાળામાં વિજળી વિદ્યાર્થીઓ માટે શૌચાલય તેમજ કોમ્પ્યુટર આવ્યા છે. દેશમાં સ્વચ્છતા અભિયાનને પણ વેગ મળ્યુ છે. જો કે પેથાપુરમાં ગૌરવ યાત્રાના સ્વાગતમાં નોંધપાત્ર ભીડ જોવા મળી ન હતી. ગૌરવયાત્રાના આગમન ટાંણે સ્થાનિક નગરસેવકોની પણ સુચક ગેરહાજરી વર્તાઈ હતી. વિધાનસભાની ચુંટણીમાં ટીકીટના દાવેદારો પણ ડોકાયા ન હતા.

ખાલીદ ફૂંકાયો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. રાજનાથે કહ્યુંહતુંકે, ભારત-પાકિસ્તાન સરહદ ઉપર યુદ્ધવિરામના ભંગનો જડબાતોડ જવાબ અપાઈ રહ્યો છે. સેનાએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, પાકિસ્તાની સેનાના યુદ્ધવિરામના ભંગનો કડકરીતે જવાબ અપાઈ રહ્યો છે. સેનાને પણ આ સંદર્ભમાં પુરતી સત્તા આપી દેવામાં આવી છે. આતંકવાદીઓએ બીએસએફની ૧૮૨ની બટાલિયનને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો. ત્રાસવાદીઓ કેમ્પસની અંદર એક ઈમારતમાં ઘુસી ગયા હતા. અનેક કલાકો સુધી ઓપરેશન બાદ ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા.

હિલચાલ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓછી કેટગરીના સ્લેબમાં મુકી દેવામાં આવનાર છે. જીએસટી કાઉન્સિલની આગામી બેઠકને લઈને રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં રાજ્યોના નાણાંપ્રધાનો દ્વારા રજૂ કરવામાં આવેલી તકલીફો તરફ ધ્યાન આપવામાં આવનાર છે. સ્લેબમાં ઘટાડો કરવા માટેની હિલચાલ પણ ચાલી રહી છે. શુક્રવારના દિવસે જીએસટી કાઉન્સિલની બેઠકમાં દિવાળી બોનાન્ઝાની જાહેરાત કરવામાં આવી હતી. નિકાસકારો, નાના કારોબારીઓ અને જ્વેલર્સ માટે શ્રેણીબદ્ધ જાહેરાતો કરવામાં આવી હતી. જીએસટી કાઉન્સિલની બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા જેમાં ૨૭ વસ્તુ પર જીએસટી રેટને ઘટાડવાનો નિર્ણય કરાયો હતો.

સજા ઘટાડાઈ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જસ્ટિસ જી.આર.ઉધવાણીની ખંડપીઠે પોતાનો મહત્વપૂર્ણ ચુકાદો જાહેર કર્યો હતો. ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે ગત તા. ૨૭-૨-૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એસ-૬ કોચને આગ ચાંપી ૫૯ નિર્દોષ રામસેવકોને જીવતા ભૂંજી નાંખવાના જઘન્ય હત્યાકાંડમાં સ્પેશ્યલ કોર્ટે ગત તા. ૧-૩-૨૦૧૧ના રોજ ૧૧ આરોપીઓને ફાંસીની આકરી સજા ફટકારી હતી, જયારે ૨૦ આરોપીઓને જન્મટીપની સજા ફટકારી હતી. જયારે આ કેસના ૬૩ જેટલા આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો. ગોધરાકાંડ કેસ ખૂબ જ સંવેદનશીલ અને જઘન્ય હત્યાકાંડનો કેસ હોઈ તેની ગંભીરતા ધ્યાનમાં લઈને સમગ્ર કેસનો ટ્રાયલ સાબરતી જેલમાં જ ચાલ્યો હતો. આ સનસનાટી હત્યાકાંડમાં તપાસ કરનાર ખાસ તપાસ ટીમ અને ગુજરાત સરકારે ટ્રાયલ કોર્ટ દ્વારા ૧૧ અપરાધીને ફટકારવામાં આવેલી

શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. વડાપ્રધાન

"ભારત રત્ન" ડો. બાબાસાહેબ આંબેડકર

શ્રી વિજય રૂપાણી
માન. મુખ્યમંત્રી, ગુજરાત

સૌનો સાથ...
સૌનો વિકાસ...
પ્રગતિશીલ ગુજરાત...

અનુસૂચિત જાતિના લાભાર્થીઓને યોજનાકીય લાભોનો વિતરણ સમારોહ

:: સમારોહના ઉદ્‌ઘાટક ::

શ્રી થાવરચંદ ગેહલોત
માન. કેન્દ્રીય મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય
ભારત સરકાર, નવી દિલ્હી

:: મુખ્ય મહેમાન ::

શ્રી રમણલાલ વોરા
માન. અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા, ગુજરાત

શ્રી આત્મારામ પરમાર
માન. મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત

:: અતિથિ વિશેષ ::

મહંતશ્રી શંભુપ્રસાદજી ટુંડીયા
માન. સંસદસભ્ય, રાજ્યસભા

ડો. કિરીટભાઈ સોલંકી
માન. સંસદસભ્ય, અમદાવાદ (પશ્ચિમ)

શ્રી વિનોદભાઈ ચાવડા
માન. સંસદસભ્ય, કચ્છ

:: વિશેષ ઉપસ્થિતિ ::

શ્રી જેઠાભાઈ સોલંકી
માન. સંસદીય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર

શ્રી પૂનમભાઈ મકવાણા
માન. સંસદીય સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગર

શ્રી કમલ દયાની IAS
અગ્ર સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

શ્રી કે. ડી. કાપડિયા IAS
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

શ્રી પ્રવીણભાઈ પંડ્યા
માન. અધ્યક્ષ, ડો. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ. જાતિ)

તારીખ : ૧૦-૧૦-૨૦૧૭, મંગળવાર • સમય : બપોરે ૨.૦૦ કલાકે
સ્થળ : મહાત્મા મંદિર, ગાંધીનગર

:: નિમંત્રક ::

ડી. એસ. ગઢવી IAS
મેનેજીંગ ડીરેક્ટર
ગુજરાત અનુસૂચિત જાતિ કોર્પોરેશન
ગાંધીનગર

જીતેન્દ્ર વાઘેલા
ઉપાધ્યક્ષ
ગુજરાત અનુસૂચિત જાતિ કોર્પોરેશન
ગાંધીનગર

રમેશ સોલંકી
અધ્યક્ષ
ગુજરાત અનુસૂચિત જાતિ કોર્પોરેશન
ગાંધીનગર

ગુજરાત સરકારનું જાહેર સાહસ

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન
(ગુજરાત સરકારનું જાહેર સાહસ)
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગર